Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 9, Issue 2, December 2023
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ અને સામાન્ય વિદ્યાર્થીઓનાં માનસિક સ્વાસ્થ્યનો તુલનાત્મક અભ્યાસ

**ડૉ.ગૌતમકુમાર આર. દળવી**

મદદનિશ શિક્ષક (મનોવિજ્ઞાન)
શ્રી જમનાબાઈ સાર્વ. કન્યા વિદ્યાલય,
વલસાડ.

## સારાંશ

પ્રસ્તુત અભ્યાસનો હેતુ વલસાડ જિલ્લાની ગુજરાતી માધ્યમની અંધજન શાળા અને સામાન્ય શાળાના ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય માપનનો હતો. જેમાં નિદર્શ તરીકે જિલ્લાની અંધજન શાળાઓમાંથી ૬0 અને સામાન્ય શાળાઓમાંથી 60 એમ 120 વિદ્યાર્થીઓ ની પસંદગી કરી. માનસિક સ્વાસ્થ્ય માપન માટે ડૉ.આર.એસ પટેલ રચિત માનસિક સ્વાસ્થ્ય માપદંડ નો ઉપયોગ કર્યો. જેમાં કુલ 40 વિધાનો છે. જેને આઠ વિભાગમાં વિભાજિત કર્યા છે. જેની વિશ્વસનીયતા અર્ધવિચ્છેદન પદ્ધતિ અનુસાર 0.78 અને સહસામાયિક યથાર્થતા 0.70 જાવા મળી છે. સામાન્ય વિદ્યાર્થીઓ અને પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચેની સરાસરી અનુક્રમે 18.05 અને 18.30 છે. જયારે પ્રમાણવિચલન અનુક્રમે 2.65 અને 3.31 છે. "t" નુ મૂલ્ય 0.46 છે. જેને 0.05 સાર્થકતાની કક્ષાએ ટેબલના મૂલ્ય કરતા ઓછું છે તેથી બે જૂથો વચ્ચે તફાવત જોવા મળતો નથી અર્થાત $Ho_1$ નો સ્વીકાર થાય છે. એટલે કે સામાન્ય વિદ્યાર્થીઓ અને પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યમાં કોઈ સાર્થક તફાવત નથી, કુમાર અને કન્યાના માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચેની સરાસરી અનુક્રમે 17.77 અને 18.42 છે. જયારે પ્રમાણવિચલન અનુક્રમે 2.84 અને 2.97 છે. "t" નુ મૂલ્ય 0.07 છે. જેને 0.05 સાર્થક્તાની કક્ષાએ ટેબલના મૂલ્ય કરતા ઓછું છે તેથી બે જૂથો વચ્ચે તફાવત જોવા મળતો નથી અર્થાત $Ho_2$ નો સ્વીકાર થાય છે. એટલે કે વિદ્યાર્થીઓનાં જાતી નાં સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યમાં કોઈ સાર્થક તફાવત નથી.

**પ્રસ્તાવના** :

માનવ શરીરની રચના કુદરતે અદભુત રીતે કરી છે. માનવ શરીરના દરેક અંગો સંપૂર્ણપણે કાર્યક્ષમ હોય તો પણ માનવી ગમે તેવાં મુશ્કેલ કાર્યો કરવા પ્રેરાતો હોય છે. પરંતુ અમુક માનવીના શરીરમાં ઈશ્વરની ઉદાસીનતા જોવા મળે છે. આવા બાળકોના વિવિધ અંગોમાં શારીરિક ક્ષતિ જોવા મળે છે. જેમને વિકલાંગ બાળક તરીકે ઓળખવામાં આવે છે. એક સમય એવો હતો કે લોકો વિકલાંગ બાળકોને તુચ્છકારના ભાવથી જોતા હતા. તેને સમાજ માટે ભારરૂપ ગણતા હતા. આવા બાળકોને પોતાના દોષના કારણે પોતાના ક્ષમતાઓનો ઉપયોગ કરવાની તક મળતી ન હતી. સદ્ભાગ્યે એ પરિસ્થિતિ કંઈક બદલાઈ છે. જગત સમજતું થયું છે કે આ એક યા બે અંગોની ખામી ધરાવતો માનવી પોતાની પૂર્ણ ક્ષમતા ગુમાવી બેસતો નથી. પરંતુ આવા બાળકોના ક્ષતિગ્રસ્ત અંગો સિવાયના અંગો સામાન્ય બાળકોનાં અંગો કરતાં વધુ સતેજ જોવા મળે છે. અને કદાચ તેના કારણે જ એ વિકલાંગ બાળકો માટે દિવ્યાંગ શબ્દનો ઉપયોગ થયો છે. જે યથાર્થ જ છે.

દ્રષ્ટિહિનતા તથા અલ્પ દ્રષ્ટિ એ પણ એક વિકલાંગતા નો જ એક પ્રકાર છે. પ્રસ્તુત અભ્યાસમાં પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનો વિવિધ પરિવર્યો વચ્ચે કેવા પ્રકારનો સંબંધ છે. તે જાણવાનો પ્રયત્ન કરવામાં આવશે. તેની સાથે સંકળાયેલ વિવિધ પાસાંઓની જાણકારી નીચે મુજબ છે.

**1. અલ્પ દ્રષ્ટિ તથા દ્રષ્ટિહિનતા** :

અલ્પ દ્રષ્ટિ વિકલાંગતા એટલે એવા પ્રકારની દ્રષ્ટિ વિકલાંગતા કે જેના સારવાર અથવા પ્રમાણિત વક્રીભવનના ક્ષતિ સુધારા પછી પણ દ્રષ્ટિની કામગીરીમાં ક્ષતિ હોય. આવા વિકલાંગતા ધરાવનાર બાળક પરંતુ જે યથાયોગ્ય સહાયક ઉપકરણ સાથે દ્રષ્ટિના કાર્યોના આયોજન અને અમલ માટે ઉપયોગ કરે છે. અથવા ઉપયોગ કરવા તે સક્ષમ બને છે.

દ્રષ્ટિહિનતા વિશે દ્રષ્ટિહિનતા નિયંત્રણ માટેના કાર્યક્રમમાં વ્યાખ્યા આપવામાં આવેલી છે. તે મુજબ દ્રષ્ટિહિનતા એટલે જયારે કોઈ વ્યક્તિ નીચે દર્શાવેલી વિગતો માંથી કોઇ પણ એક જેવો અનુભવ કરે ત્યારે તેને દ્રષ્ટિહિનતા ગણવામાં આવે છે.

- દ્રષ્ટિનો સંપૂર્ણ અભાવ હોવો.
- દ્રષ્ટિ સુધાર કૃત્રિમ કાચથી દ્રષ્ટિ ક્ષમતા 6/60 અથવા 20/200 સ્ટેલીન વધુ ન હોવી. અથવા દ્રષ્ટિના ક્ષેત્રથી મર્યાદા 20 અંશકોણ સુધીની અથવા તેનાથી ખરાબ હોવી. આમ આપણે જોઈએ છીએ કે અહીં દ્રષ્ટિહિનતા નક્કી કરવા માટે દ્રષ્ટિની સક્ષમતા અને દ્રષ્ટિનું ક્ષેત્ર બંનેને ધ્યાનમાં લેવામાં આવે છે.

**2.માનસિક સ્વાસ્થ્ય** :

માનસિક સ્વાસ્થ્ય એટલે મનોવૈજ્ઞાનિક કે માનસિક રીતે સારાપણાની અવસ્થા અથવા માનસિક રોગની ગેરહાજરી એવો અર્થ શરૂઆતમાં કરવામાં આવતો હતો. 'માનસિક સ્વાસ્થ્ય એટલે વ્યક્તિની એવી મનોવૈજ્ઞાનિક અવસ્થા જેમાં આવેગિક અને વાર્તનિક સમાયોજન સંતોષકારક કક્ષાએ કાર્યરત હોય.'

માનસિક સ્વાસ્થ્ય એ રોગની સારવાર માટેનું નહીં પરંતુ રોગના પ્રવેશને અટકાવવાનું પગલું છે. વ્યક્તિના સમાયોજનને અસર કરતાં શારીરિક - માનસિક – સામાજિક - ભૌતિક વગેરે પરિબળોમાંથી કયા પરિબળો કેટલો ભાગ માવી શકે તે નક્કી કર્યા પછી તેને યોગ્ય રીતે નિયંત્રિત કરવા માટેનો શક્ય એટલો પ્રયાસ કરવામાં આવે છે ઉપરાંત પત્રિક સ્વાસ્થ્યનો ખ્યાલ સમાજમાં પ્રવર્તતા સામાજિક, નૈતિક મૂલ્યો સાથે ઘણી નિકટતાથી સંકળાયેલો છે.

હાલના સમયમાં શારીરિક સ્વાસ્થ્યની માફક માનસિક સ્વાસ્થ્ય શબ્દ પણ ધીમે ધીમે પ્રચલિત થતો જાય છે. જેવી રીતે કોઈ પણ સમાજ પોતાની પ્રજાનું શારીરિક સ્વાસ્થ્ય સચવાતું રહે તે માટે યોગ્ય આરોગ્યદાયક પગલાં લે છે તેવી જ રીતે પ્રજાના માનસિક સ્વાસ્થ્યનું રક્ષણ કરવું તે દરેક સુશિક્ષિત સમાજની એક મહત્વની ફરજ છે.

માનસિક સ્વાસ્થ્ય સાચવવું હોઈ તો તે એકલ દોકલ વ્યક્તિના હાથની વાત નથી જયાં સુધી આખો સમાજ તેના માટે જાગૃત ન થાય, વ્યવસ્થિત રીતે તેને માટે પ્રયત્ન શરૂ ન કરે ત્યાં સુધી સમાજમાં માનસિક સ્વાસ્થ્ય કેવું હશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે. છેલ્લા કેટલાંક વર્ષોથી માનસિક સ્વાસ્થ્યનો ખ્યાલ આંતરરાષ્ટ્રિય કક્ષાએ સ્વીકૃતી પામ્યો છે. આના આધારે દુનિયાનાં લગભગ બધા જ દેશોએ માનસિક સ્વાસ્થ્યનું મહત્વ સ્વીકારી લીધું છે.

પારિભાષિક શબ્દોની વ્યાખ્યા

**1. માનસિક સ્વાસ્થ્ય**

**WHO ના મતે** :

“”"માનસિક સ્વાસ્થ્ય એટલે વ્યક્તિની શારીરિક, માનસિક, સામાજિક તથા આધ્યાત્મિક દ્રષ્ટિએ સંપૂર્ણપણે સારાપણાની અવસ્થા.”"

**જે.સી. કોલમેન (1962) ના મતે** :

"માનસિક સ્વાસ્થ્ય એટલે તદ્દરસ્ત વ્યક્તિત્વ-વિકાસ અને માનસિક રોગના હુમલાથી બચવા માટેનો વ્યવસ્થિત વૈજ્ઞાનિક પ્રયત્ન"

**2. પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી**

પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી એટલે જે વિદ્યાર્થી વિકલાંગતાનો એક પ્રકાર અલ્પદ્રષ્ટિ/દ્રષ્ટિહીનતા નો ભોગ બનેલી હોય.

દ્રષ્ટિહિનતા અને અલ્પદ્રષ્ટિ બાળક સંયુક્ત રીતે દ્રષ્ટિહિન નહી હોતી, પરંતુ તેની જોવાની ક્ષમતા (વીઝન) બહુઅલ્પ હોય છે. જયારે દ્રષ્ટિહિન બાળકની જોવાની ક્ષમતા (વીઝન) મહદ અંશે ગુમાવી દીધેલી હોય છે.

**સંશોધનના હેતુઓ** :

- પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય અંગે જાણકારી મેળવવી.
- સામાન્ય વિદ્યાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય અંગે જાણકારી મેળવવી.
- પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓની જાતિ સંદર્ભમા વિદ્યાર્થીઓનાં માનસિક સ્વાસ્થ્યમાં કોઈ ફેરફાર જોવા મળે છે કે કેમ તે અંગે જાણકારી મેળવવી.

**સંશોધનના પરિવર્ત્યો** :

• **સ્વતંત્ર પરિવર્ત્યો**:

- **વિદ્યાર્થીઓનો પ્રકાર**: પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ અને સામાન્ય વિદ્યાર્થીઓ
- **જાતિ** : કુમાર અને કન્યા

• **આધારીત પરિવર્ત્યો** :

- માનસિક સ્વાસ્થ્ય

• **નિયંત્રિત પરિવર્ત્યો** :

- પ્રસ્તુત સંશોધનમાં અંધજન શાળાનાં ધોરણ- 9 થી 12 ના પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓનો જ સમાવેશ કરવામાં આવ્યો
- પ્રસ્તુ સંશોધનમા દક્ષિણ ગુજરાત પૈકીના વલસાડ જિલ્લાનાં જ વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા.

**શુન્ય ઉત્કલ્પના** :

સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખી નીચે મુજબની ઉત્કલ્પનાની રચના કરી

$Ho_1$: વિદ્યાર્થીઓનાં પ્રકાર નાં સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યમાં કોઈ સાર્થક તફાવત નથી.

$Ho_2$: વિદ્યાર્થીઓની જાતિનાં સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યમાં કોઈ સાર્થક તફાવત નથી.

**સંશોધનનું મહત્વ** :

પ્રસ્તુત અભ્યાસ દ્વારા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યની જાણકારી મેળવી શકશે, આ અભ્યાસ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને, શિક્ષકો, વિદ્યાર્થીઓના વાલીઓ તેમજ સમાજ ને પણ મદદરૂપ થશે અને તેઓને પોતાના વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપવામાં મદદરૂપ નિવડશે.

**સંશોધન પધ્ધતિ**

1. **સંશોધન પ્રક્રિયા**

સંશોધનનું સંપૂર્ણ આયોજન થઈ ગયા પછી દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ પૈકીના વલસાડ જિલ્લાની અંધજન શાળાઓ માંથી નિદર્શ તરીકે સમાવેશ કરેલ શાળાઓમાં જઈ માહિતી એકત્રીત કરવા માટે પરવાનગી મેળવી, પસંદ કરેલ માહિતી એકત્રીત કરવાના યોગ્ય સાધનો વડે યોગ્ય પધ્ધતિ દ્વારા અને ચોકસાઈ પૂર્વક માહિતીનું એકત્રીકરણ કરી યોગ્ય ચોક્કસ આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિ દ્વારા માહિતીનું

વિશ્લેષણ કરી તેનું અર્થઘટન કરી અને ત્યારબાદ તેમાંથી ફલિત થતા તારણોની તારવણી કરવામાં આવી

**2. વ્યાપવિશ્વ અને નમુનો**

પ્રસ્તુત અભ્યાસમાં દક્ષિણ ગુજરાત પૈકીના વલસાડ જિલ્લાની ગુજરાતી માધ્યમની અંધજન શાળાઓ અને સામાન્ય શાળાના ધોરણ ૯ થી ૧૨ ના વર્ગો ધરાવતી દરેક શાળાઓનો વ્યાપ વિશ્વ તરીકે સમાવેશ થશે. જે માંથી નિદર્શ તરીકે જિલ્લાની એક શાળામાંથી ૩૦ છોકરા અને ૩૦ છોકરીને નિદર્શ તરીકે પસંદગી કરી આવી અંધજન શાળાઓમાંથી ૬૦ અને સામાન્ય શાળાઓમાંથી ૬૦ એમ ૧૨૦ વિદ્યાર્થીઓ ની પસંદગી કરી

**કોષ્ટક : 1**

નમૂનામાં સમાવિષ્ટ પસંદ થયેલ **કુમાર** અને કન્યાની સંખ્યા દર્શાવતું કોષ્ટક

| વિદ્યાર્થીઓ ના પ્રકાર | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ | 30 | 30 | 60 |
| સામાન્ય વિદ્યાર્થીઓ | 30 | 30 | 60 |
| કુલ | 60 | 60 | 120 |

**3. માહિતી એકત્રીકરણનાં સાધનો**

- **વ્યક્તિગત માહિતી પત્રક**

પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુને ધ્યાનમાં રાખીને અંધજન શાળાના વિદ્યાર્થીઓની કેટલીક વ્યક્તિગત માહિતી પ્રાપ્ત કરવા માટ વ્યક્તિગત માહિતી પત્રક નો ઉપયોગ કરવામાં આવ્યો.

- **માનસિક સ્વાસ્થ્ય માપદંડ**

પ્રસ્તુત સંશોધનમાં માનસિક સ્વાસ્થ્ય માપન માટે ડૉ.આર.એસ.પટેલ રચિત માનસિક સ્વાસ્થ્ય માપદંડ નો ઉપયોગ કર્યો. જેમાં કુલ ૪૦ વિધાનો છે. જેને આઠ વિભાગમાં વિભાજિત કર્યા છે. જેની વિશ્વસનીયતા અર્ધવિચ્છેદન પદ્ધતિ અનુસાર ૦.૭૮ અને સહસામાયિક યથાર્થતા ૦.૭૦ જાવા મળી છે.

**4. માહિતીનું પૃથક્કરણ** :

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ વિદ્યાર્થીના માનસિક સ્વાસ્થ્ય, ઉપર અસર કરતા વિવિધ પરિવર્ત્યની પરસ્પર અસર જાણવામાં માટે મધ્યક, પ્રમાણવિચલ અને t- test આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ઉપરોક્ત આંકડશાસ્ત્રીય પૃથક્કરણ કર્યા બાદ વિવિધ ઉત્કલ્પનાની ચકાસણી કરી તેનું પૃથક્કરણ કરી તેમાથી યોગ્ય તારણોની તારવણી કરવામાં આવી છે.

કોષ્ટક : 2

**સામાન્ય વિદ્યાર્થીઓ અને પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય વચ્ચેની સરાસરી, પ્રમાણવિચલન અને "t"મૂલ્ય**

| **વિદ્યાર્થીઓના પ્રકાર** | N | M | SD | "t"મૂલ્ય | સાર્થક્તાની કક્ષા |
|---|---|---|---|---|---|
| **પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ** | 60 | 18.05 | 2.65 | 0.46 | NS 0.05 |
| **સામાન્ય વિદ્યાર્થીઓ** | 60 | 18.30 | 3.31 | | |

ઊપરોકત કોષ્ટકમા જોતા સામાન્ય વિદ્યાર્થીઓ અને પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચેની સરાસરી અનુક્રમે 18.05 અને 18.30 છે. જયારે પ્રમાણવિચલન અનુક્રમે 2.65 અને 3.31 છે.

અહી પરિગણિત "t" નુ મૂલ્ય 0.46 છે. જેને 0.05 સાર્થકતાની કક્ષાએ ટેબલના મૂલ્ય કરતા ઓછું છે તેથી બે જૂથો વચ્ચે તફાવત જોવા મળતો નથી અર્થાત $Ho_1$ નો સ્વીકાર થાય છે.

એટલે કે વિદ્યાર્થીઓનાં પ્રકાર નાં સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યમાં કોઈ સાર્થક તફાવત નથી.

**કોષ્ટક : 3**

વિદ્યાર્થીઓની જાતિનાં સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્ય વચ્ચેની સરાસરી, પ્રમાણવિચલન અને "t"મૂલ્ય

| **વિદ્યાર્થીઓના પ્રકાર** | N | M | SD | "t"મૂલ્ય | સાર્થક્તાની કક્ષા |
|---|---|---|---|---|---|
| કુમાર | 60 | 17.77 | 2.84 | 0.07 | NS 0.05 |
| કન્યા | 60 | 18.42 | 2.97 | | |

ઊપરોક્ત કોષ્ટકમા જોતા કુમાર અને કન્યાના માનસિક સ્વાસ્થ્યના પ્રાપ્તાંકો વચ્ચેની સરાસરી અનુક્રમે 17.77 અને 18.42 છે. જયારે પ્રમાણવિચલન અનુક્રમે 2.84 અને 2.97 0.

અહી પરિગણિત "t" નુ મૂલ્ય 0.07 છે. જેને 0.05 સાર્થક્તાની કક્ષાએ ટેબલના મૂલ્ય કરતા ઓછું છે તેથી બે જૂથો વચ્ચે તફાવત જોવા મળતો નથી અર્થાત $Ho_2$ નો સ્વીકાર થાય છે.

એટલે કે વિદ્યાર્થીઓનાં જાતી નાં સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યમાં કોઈ સાર્થક તફાવત નથી.

**તારણ :**

- સામાન્ય વિદ્યાર્થીઓ અને પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યમાં કોઈ સાર્થક તફાવત જોવા મળ્યો નથી.
- કુમાર અને કન્યાના માનસિક સ્વાસ્થ્યમાં કોઈ સાર્થક તફાવત જોવા મળ્યો નથી.

## સંદર્ભસૂચિ


ઉચાટ, ડી. એ.(૨૦૦૯). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર. (પ્રથમ આવૃતિ), રાજકોટઃ સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ.

ઢીલા, બી. ડી.(૨૦૦૨). મનોવિજ્ઞાન. (પ્રથમ આવૃતિ), અમદાવાદઃ સમભાવ ચેરિટેબલ ટ્રસ્ટ.

દેસાઇ, કે.જી. (૨૦૦૧). મનોવિજ્ઞાન પરિભાષા અને વિભાવના. (દ્રિતિય આવૃતિ), અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

દેસાઈ, દોલતભાઈ અને રમણભાઈ ત્રિવેદી (૧૯૭૧). સિધ્ધિપ્રેરણા વિચાર પ્રવેશ બિરાદરી, વલ્લભ વિદ્યાનગરઃ એમ.બી.પટેલ કોલેજ ઓફ એજયુકેશન.

પટેલ, આર.એસ.(૨૦૦૯). શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પધ્ધતિઓ. (દ્વિતીય આવૃતિ), અમદાવાદઃ જય પબ્લિકેશન.